GJSK140003052026

**:: નમુના – અ ::** **આંક–**

| **વડાલીના મહે.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.વડાલી**<br>**ચુકાદાની તારીખ: ૦૧/૦૬/૨૦૨૬**<br>**ફોજદારી કેસ નં.: ૨૬૦/૨૦૨૬** | |
|---|---|
| **:: ગુનાની વિગત ::** | |
| ગુનાની કલમ | પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ૧૧૨૦૯૦૫૪૨૪૦૩૬૦/૨૦૨૪ |
| પોલીસ સ્ટેશન | વડાલી પોલીસ સ્ટેશન |
| ફરીયાદપક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી.જે.એ.રાવલ |
| આરોપી પક્ષ | **શૈલેશભાઈ ડાહ્યાભાઈ ભંગી,**<br>ઉ.વ.આ.૩૪, ધંધો–મજૂરી,<br>રહે–કુબાધરોલ,તા.વડાલી,જી.સાબરકાંઠા |
| રજુઆત | વિ.વ.શ્રી.એ.ડી.ગઢવી |

**:: નમુના –બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૭/૦૮/૨૦૨૪ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૭/૦૮/૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ | ૧૭/૦૨/૨૦૨૬ |
| તહોમતનામુ ફરમાવ્યા તારીખ | ૧૦/૦૩/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૦/૦૪/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૧/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૧/૦૬/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ– લાગુ પડે તો | –– |

## :: આરોપીની વિગત ::

| નંબર | આરોપીનુ નામ | ધરપડક ની તારીખ | જામીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા /સજા કરી | કરવામાં આવેલી સજા | સુનાવણી દરમ્યાન અટકાયત નો સમય ગાળો |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | **શૈલેશભાઇ ડાહ્યાભાઇ ભંગી** | ૨૮/૦૮/૨૦૨૪ | ૨૮/૦૮/૨૦૨૪ | પ્રોહીબીશન એકટ કલમ –૬૫(એ)(એ) | **નિર્દોષ** | –– | –– |

## :: નમુના–ક ::

ફરીયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

અ. ફરીયાદપક્ષ

| અનુ.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સ.૧ | યુવરાજસિંહ કિરીટસિંહ | ફરીયાદી |
| ફ.સ.૨ | અમીતભાઇ દિનેશભાઇ ભંગી | પંચ સાહેદ |

બ. બચાવપક્ષ

| અનુ.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧ | –– | –– |

ક. ન્યાયાલય

| અનુ.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧ | –– | –– |

ફરીયાદી/બચાવ/ ન્યાયાલયના સાક્ષીની યાદી

અ. ફરીયાદ આંકની યાદી

| અનુ.નં. | આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૨ | ફરીયાદ |
| ૨ | ૧૪ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ |

બ. બચાવ આંકની યાદી

| અનુ.નં. | આંક | વર્ણન |
|---|---|---|
| – | – | –– |

ક. ન્યાયાલય આંકની યાદી

| અનુ.નં. | આંકની સંખ્યા | વર્ણન |
|---|---|---|
| – | –– | –– |

ડ. ભૌતિક પદાર્થ

| અનુ.નં. | આંકની સંખ્યા | વર્ણન |
|---|---|---|
| – | –– | -- |

**:: ઠરાવ ::**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીએ તા.૨૭/૦૮/૨૦૨૪ના રોજ કલાક–૧૮/૪૫ વાગે મોજે કુબાધરોલ ગામે ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે પોતાના રહેણાક મકાનની ઓસરીમાં પોલીથીનની થેલીઓ નંગ–૧૨માં દેશી દારૂ આશરે લીટર–૬ કિં.રૂા.૧૨૦/–નો વેચાણ સારૂ રાખી ઘરે હાજર નહી મળી આવી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના શિક્ષાપાત્ર ગુન્હા અંગેની ફરીયાદ દાખલ કરેલી.ત.ક.અ.શ્રી.દ્વારા તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઇ આવતાં ચાર્ઝશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) આ કામે આરોપીને સમન્સ કરતાં,આરોપી હાજર થયેલ અને તેમને પોલીસ પેપર્સના કાગળો મળી ગયાની ખાત્રી કર્યા બાદ આંક–૬થી આરોપી વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવી,આરોપીની આંક–૭થી પ્લી વાંચી, સંભળાવી, સમજાવી નોંધતા આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરતાં,આરોપી સામેનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ઉપરોકત પુરાવા બાદ વિ.એ.પી.પી.શ્રીએ ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયેલાનુ જાહેર કરેલ છે.ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાના આધારે ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ની કલમ–૩૫૧ અન્વયે આરોપીનુ વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો ન હોઈ નોંધેલ નથી. ત્યારબાદ બંને પક્ષકારોની દલીલો સાંભળી.

(૪) હાલના કામે રજુ થયેલ તમામ પુરાવોના આધીન કેસના આખરી નિકાલ સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થયેલ છે.હાલના કામે રજુ થયેલ તમામ  પુરાવોના આધીન કેસના આખરી નીકાલ સારુ નીચે મુજબના મુદાઓ ઉપસ્થીત થાય છે.

**<u>–:: મુદ્દાઓ ::–</u>**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીએ તા.૨૭/૦૮/૨૦૨૪ના રોજ કલાક–૧૮/૪૫ વાગે મોજે કુબાધરોલ ગામે ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે પોતાના રહેણાક મકાનની ઓસરીમાં પોલીથીનની થેલીઓ નંગ–૧૨માં દેશી દારૂ આશરે લીટર–૬ કિં.રૂા. ૧૨૦/–નો વેચાણ સારૂ રાખી ઘરે હાજર નહી મળી આવી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આ અદાલત ની હકુમતમાં કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૫)** ઉપરોકત મુદ્દા અંગેના ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**(૬)** ઉપરોકત મુદ્દાઓના નિર્ણય માટેનાં કારણો નીચે મુજબ છે.

**–: કારણો :–**

**મુદ્દા નંબર–૧ :–**

**(૬.૧)** ફરીયાદપક્ષ તરફથી **ફરીયાદી–યુવરાજસિંહ કિરીટસિંહ**ને આંક–૧૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે.આ સાહેદે તેમની જુબાનીમાં જણાવેલ છે કે,તા.૨૭/૦૮/૨૦૨૪ના રોજ તેઓ તથા કનૈયાલાલ પેટ્રોલીંગમાં હતા ત્યારે એક ઈસમ શૈલેશભાઈ ડાહ્યાભાઈ ભંગી દેશી દારૂ રાખતા હોવાની બાતમીના આધારે બે પંચો બોલાવી બાતમીવાળી જગ્યાએ જતાં તેઓ હાજર મળેલ નહી અને તેમના ઘરે તપાસતાં પ્લાસ્ટીકની થેલી મળેલ અને પંચો રૂબરૂ ખોલતાં તેમાંથી દેશી દારૂ લીટર–૬,કિં.રૂા.૧૨૦/–નો મળી આવેલ અને તેમાંથી થોડો દારૂ કાચની સીસીમાં લઈ પાકુ સીલ કરી નમૂના અર્થે લઈ લઈ પંચોના

સહી વાળી કાપલી મૂકી જે પંચનામાની વિગતે તેઓએ પંચો રૂબરૂ સીલ કબજે કરેલ અને તેઓએ આરોપી વિરૂધ્ધ ફરીયાદ આપેલી. જેમાં તેઓ પોતાની સહી ઓળખી બતાવે છે.જે ફરીયાદ **આંક–૧૨થી** રજુ છે.**આરોપીપક્ષે સદર ફરીયાદીની ઉલટતપાસમાં** આરોપીના પક્ષે કરેલ સજેશનનો ફરીયાદીએ ઈન્કાર કરેલ છે.આમ સાહેદ પણ પોતાની કામગીરીનો પુરાવો આપતા હોય આ પુરાવો ઔપચારીક છે.તે સંજોગોમાં ફરીયાદીના પુરાવાને સ્વતંત્ર સાહેદનાં પુરાવાથી સમર્થન મળવુ આવશ્યક છે.

**(૬.૨)** ફરીયાદપક્ષ તરફથી પંચનામાના **પંચસાહેદ–અમીતકુમાર દિનેશભાઈ ભંગીને આંક–૧૩**થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે.આ પંચસાહેદે તેમની જુબાનીમાં જણાવેલ છે કે,તેઓ પોલીસ સ્ટેશન રસ્તાથી જતા હતા ત્યારે પોલીસે ઉભા રાખી એક પંચનામામાં સહી કરવાનુ કહેતાં તેઓએ સહી કરેલી. તેમની રૂબરૂ દારૂ કબ્જે કરેલ હોય તેવુ બનેલ નથી.જે પંચનામુ આ કામે **આંક–૧૪**થી રજુ છે.<u>સદર પંચ સાહેદ પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે.</u> સદર પંચસાહેદો તેમની **ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,પોલીસે એક તૈયાર લખેલા પંચનામામાં સહી કરાવેલી,પંચનામા બાબતે તેઓ કશુ જાણતા નથી** અને ફરીયાદપક્ષે અન્ય પંચસાહેદ રોહીતભાઈ રમણભાઈ પટેલનાઓ વિરુધ્ધ પકડ વોરંટ ઈશ્યુ કરવા છતા અદાલત સમક્ષ હાજર રખાવી શકેલ નથી.તેવા સંજોગોમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે **જીવાભાઈ ટી.વસાવા વિ.ગુજરાત રાજ્ય (૨૦૦૪) (૧) જીએલઆર ૪૬૦**ના સુપ્રસિધ્ધ રીપોર્ટેડ ચુકાદામાં ઠરાવ્યા અનુસાર,**None of the Panch Witnesses have supported the case of the prosecution and the contents of panchnama have also not been proved by Investigation Officer.In such a situation,**

**panchanama cannot be read in evidence.** જયારે કોઈ પંચસાહેદ પંચનામાની વિગતોને સંપૂર્ણ સમર્થન આપે નહીં તો પંચનામાની વિગતો અનુસાર આક્ષેપિત ગુન્હો બનેલ હોવાનુ શંકાસ્પદ બની રહેલ છે.આમ **આંક–૧૪**વાળુ પંચનામુ ફરીયાદપક્ષને મદદરૂપ થઇ શકે તેમ નથી.

(૭) સદરહુ કામે રજુ થયેલ તમામ પુરાવાઓ જોતાં આ કામે પંચ સાહેદો રૂબરૂ આ કામના આરોપીના કબજામાં ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો દેશી દારૂ મળી આવેલ હોવાનો ફરીયાદપક્ષનો કેસ છે,પરંતુ પંચ સાહેદોની હાજરીમાં બાતમીવાળી જગ્યાએ જઇ રેઈડ કર્યાના તથા તે જગ્યાએથી મુદ્દામાલ કબજે કર્યા અંગેના પંચનામાના પંચો પંચનામાની હકીકતને સમર્થન કરતાં નથી અને આરોપીના કબજામાંથી કબજે કરેલ પ્રવાહીનું પૃથ્થકરણ કરવા માટે મોકલાવેલ હોય કે તેનો પૃથ્થકરણનો રીપોર્ટ આ કામે રજુ થયેલ નથી અને આરોપીના કબજા ભોગવટામાંથી જ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે તે નિ:શંકપણે સાબીત કરી શકેલ નથી.

(૮) જયારે ફરીયાદપક્ષના કેસમાં આરોપીના કબજા ભોગવટામાંથી ગેરકાયદેસર અને વગર પાસ પરમીટ વગરનો દેશી દારૂ મળી આવેલાનો કેસ છે અને તે ગુનો બન્યાનો સમય,સ્થળ ધ્યાને લેતાં,ગુનાવાળી જગ્યાએ સામાન્ય રીતે ત્રાહિત માણસોની હાજરી હોવાની શકયતા નકારી શકાય તેમ નથી.અન્વેષણ દરમ્યાન પંચનામાના સાહેદો સીવાય સાહેદ તરીકે માત્ર પોલીસ સાહેદોના જ નિવેદનો લીધેલા છે.તે સંજોગોમાં પોલીસ સાહેદો સિવાય ત્રાહિત વ્યકતીને સાહેદ તરીકે ન દર્શાવવાનુ કોઇ વ્યાજબી કારણ ફરીયાદપક્ષના રેકર્ડ ઉપરથી ફલીત થતુ નથી.તેમજ સદર પોલીસ સાહેદોની હકીકતને સ્વતંત્ર સાહેદોના પુરાવા રજુ કરાવી ફરીયાદપક્ષના કેસને સમર્થન અપાવેલ નથી.

(૯) આ કામે ફરીયાદપક્ષ તરીકે તપાસવામાં આવેલ પોલીસ સાહેદોએ પોતાની ફરજના ભાગરૂપે કરેલ કામગીરીની હકીકત જુબાનીમાં જણાવી ફરીયાદ હકીકતને સમર્થન આપવાનો પ્રયત્ન કરેલ છે.પરંતુ એકમાત્ર પોલીસ સાહેદના પુરાવા પર આધાર રાખી શકાય નહીં.વધુમાં સદર ગુનામાં તપાસેલા સાહેદો કે જેઓ પોલીસ સાહેદ હોય પોલીસ સાહેદના પુરાવાને સ્વતંત્ર સાહેદના સમર્થન પ્રાપ્ત થવુ જોઈએ જે આ કામે થયેલ નથી.વધુમાં હાલના કામે પંચો ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી.ફોજદારી ન્યાયશાસ્ત્રનો એ સિધ્ધાંત છે કે,ફોજદારી કામમાં આરોપીએ પોતાની નિર્દોષતા સાબીત કરવાની હોતી નથી.પરંતુ ફરીયાદીએ પોતાના કેસની હકીકતો શંકાથી પર રીતે સાબીત કરવાની હોય છે.જે ફરીયાદપક્ષ ધ્વારા સાબીત કરવામાં આવી નથી ત્યારે આરોપી વિરૂધ્ધનો કેસ ફરીયાદપક્ષ શંકાથી પર રીતે સાબીત કરતા ન હોય આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં. **નામદાર ગુજરાત હાઈકોર્ટના સુપ્રસિધ્ધ ચુકાદા State v/s Bhikhabhai Dhulabhai Parmar [2005(3)GLR 1969]માં ઠરાવેલ છે કે,**When two views are possible on appreciation of evidence, accused is entitled for benefit of doubt.એટલે કે જયારે ફરીયાદપક્ષના પુરાવા પરથી બે જુદા જુદા અવલોકન પર આવી શકાય તેમ હોય ત્યારે આરોપીને શંકાનો લાભ આપવો જોઈએ.નામદાર સર્વોચ્ચ અદાલતે **જગ્ગાસિંઘ વિ. પંજાબ રાજય (એ.આઈ.આર.૧૯૯૫ સુ.કો.૧૩૫)**ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ ''શંકા આખરે શંકા છે. તે ગમે તેટલી દૃઢ હોય તોપણ સાબીતીનુ સ્થાન લઈ શકે નહીં.'' અને બનાવ બનવા બાબતે વ્યાજબી શંકા ઉપજેલી હોય, તેથી ભારતીય ન્યાયપ્રણાલી અનુસાર વ્યાજબી શંકાનો લાભ આરોપીને આપવો ન્યાયોચીત જણાય છે. ફરીયાદપક્ષ તરફથી આરોપી વિરૂધ્ધ પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુનાની ફરીયાદ રજુ કરવામાં આવેલ છે. જેના

મુખ્ય તત્વો ફરીયાદપક્ષ તરફથી નિ:શંકપણે પુરવાર થયેલ ન હોય, તેનો લાભ આરોપીને મળવાપાત્ર હોય,**મુદ્દા નં.૧**નો જવાબ **નકારમાં** આપી **મુદ્દા નં.ર** અન્વયે નીચે મુજબનો **આખરી હુકમ** કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) આ કામના આરોપી–**શૈલેશભાઈ ડાહ્યાભાઈ ભંગી,રહે–કુબાધરોલ,તા.વડાલી,જી.સાબરકાંઠાઓને** ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા,૨૦૨૩ની કલમ–૨૭૧(૧) મુજબ ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના મુદ્દામાલ દારૂનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા,૨૦૨૩ની કલમ–૪૮૧ અન્વયે આરોપીએ અપીલ કોર્ટમાં હાજર રહેવાની બાંહેધરી માટે રૂા.૧૫,૦૦૦/–(અંકે રૂપીયા પંદર હજાર પુરા)ના જામીન રજુ રાખવાના રહેશે.

આ ઠરાવ આજરોજ તા.૦૧લી,માહે–જુન,સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુકામ : વડાલી
તા.૦૧/૦૬/૨૦૨૬

**(સુનિલકુમાર એમ. પટેલ)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.,વડાલી
યુ.આઇ.સી.–જીજે૦૧૭૦૪

//A.A.P.//